## :: માનનીય ધારાસભ્યશ્રી કેશુભાઇ પટેલ, ભુજ મત વિસ્તાર ::

માંગણી ક્રમાંક – ૮૫, ૮૬, રહેણાંક મકાનો, માર્ગો અને પુલો માટે રજુ થયેલ અનુદાન માટેની માંગણીને હું સમર્થન આપુ છું.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજયનાં ધોરી માર્ગોનું બાંધકામ અને જાળવણી કરવામાં આવે છે. વિભાગ દ્વારા લાંબા કોરીડોરની પ્રગતિપથ યોજના,રાજયના મહત્વના શહેરોને જોડતા રસ્તાઓને સુગમ્ય બનાવવા માટે હાઇસ્પીડ કોરીડોરની રચના કરવાનું આયોજન છે.બંદરોને જોડતા રસ્તા, ઔધોગિક વિસ્તારોને જોડતા રસ્તા, યાત્રાધામોને જોડતા રસ્તા, જીલ્લા મથકને બાજુના જીલ્લા મથક સાથે ૧૦ મી. પહોળા રસ્તાનું જોડાણ, અત્યંત પ્રચલીત થયેલ ગ્રામ્ય માર્ગોનું માળખુ ઉભુ કરવા મુખ્યમંત્રી ગ્રામસડક યોજના વિગેરે યોજનાઓ થકી સમગ્ર ગુજરાતનો વિકાસ થઇ રહેલ છે. જે દેશમાં ગણનાપાત્ર છે.

શ્રી આ સુવિધાઓને વધુ અસરકારક, સલામત અને સમયની વધુ બચત થાય તેવી કામગીરીઓમાં અતિ અગત્યની જુદા પ્રકારના પુલો, ફલાયઓવર, આર.ઓ.બી.ના બાંધકામ પર તાજેતરના વર્ષોમાં વધુ ફાળવણી કરવામાં આવી રહી છે .

શ્રી મારા કચ્છ જિલ્લાની વાત કરૂ તો કચ્છ જિલ્લામાં કુલ ૨૦,૯૩,૩૧૩.૦૦ [અને ૪૫૬૫૨ ચો.કી.મી વિસ્તાર ધરાવે છે, જે ગુજરાતના કુલ વિસ્તારનો ૨૪ ટકા ભાગ છે,] ની વસ્તી છે. જેમાં ૧૦ તાલુકા અનુક્રમે ભુજ, ગાંધીધામ, અંજાર, રાપર, માંડવી, ભચાઉ, મુંદ્રા, નખત્રાણા, અબડાસા તથા લખપતનો સમાવેશ થયેલ છે. માર્ગ અને મકાન વિભાગ હસ્તકના રસ્તાઓથી કચ્છ જીલ્લો મુખ્યત્વે વેપારી મથકો, યાત્રાધામો, પર્યટન સ્થળો, ઔદ્યોગીક વિસ્તાર તથા મોરબી અને પાટણ જીલ્લા સાથે જોડાયેલ છે.

શ્રી કચ્છ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ રાજ્ય હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન રસ્તા તથા પુલોના કુલ ૩૫ કામોને

રૂ.૪૦૨.૨૫ કરોડની મંજુરી મળેલ છે જે પૈકી રૂ.૭.૧૬ કરોડના ૯ (નવ) કામોની કામગીરી પ્રગતી હેઠળ છે તથા રૂ.૩૯૫.૦૯ કરોડના ૨૬ કામો ટુંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે.

આ.

**મારા મતવિસ્તારની વાત કરું તો,**

રસ્તા / મકાનો / પુલો જેવા અગત્યના કામો વધુને વધુ સંખ્યામાં હાથ ધરવાના આયોજનનાં ભાગરૂપે ચાલુ વર્ષે ભારે ટ્રાફિક ધરાવતા ભુજ – ભચાઉ રસ્તાને હાઇસ્પીડ કોરીડોરને વિકસાવવા માટે મંજુરી મળેલ છે. તેમજ ટુરીસ્ટ સર્કિટના રસ્તાઓ હેઠળ કુલ ૩૧ કિલોમીટર રસ્તાને ને ૭.૦૦ મી. માંથી ૧૦.૦૦ મીટર પહોળો કરવાની કામગીરીને રૂ.૧૨૫.૦૦ કરોડની મંજુરી મળેલ છે રીન્યુએબલ તથા એનર્જી પાર્કને જોડતો ભુજ-ખાવડા રસ્તા પર ભારે ટ્રાફિક રહેતો હોઇ ખાવડા ગામને બાયપાસ રોડ માટે રૂ.૧૬.૭૯ કરોડની સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે તથા ભુજ-મુંદ્રા રસ્તાના

કિ.મી.૩૦/૦૦૦ થી ૩૧/૦૦૦ અને ૪૦/૦૦૦ થી ૪૧/૦૦૦ વચ્ચે મેજર બ્રિજ બનાવવાની કામગીરી માટે રૂ.૧૬.૮૭ કરોડની મંજુરી મળેલ છે. જ્યારે ભુજ ખાતે ડીસ્ટ્રીક્ટ કોર્ટ બનાવવાની કામગીરીને રૂ.૧૦૦.૦૦ કરોડની મંજુરી મળેલ છે.

ભુજ મતવિસ્તારમાં વર્ષ : ૨૦૨૩-૨૪ દરમ્યાન (મા.મ.) પંચાયત વિભાગ દ્વારા રીસરફેસીંગના ૬ રસ્તાના રૂા.૧૩.૭૫ કરોડના કામો મંજુર કરવામાં આવેલ છે.

આમ વિભાગ દ્વારારાજયનાં અતિ અગત્યના આંતર માળખાકીય ઘટકને અસરકારક રીતે જાળવી રાખવા તેમજ સુધારણા કરવા સરકારશ્રી દ્વારા પુરતી નાણાંકીય જોગવાઇ કરવામાં આવે છે. જે અત્યંત જરૂરી હોઇ વર્ષ ૨૦૨૪-૨૫ના અનુદાન માટેની નાણાકિય માંગણીને હું સમર્થન કરૂ છું.